April 2020, issue no. 5

# Roshni

## Reaching Out to Serve Humanity with New Initiatives

*(મતલબ કે જેટલું શક્ય હોય તેટલા વધુ લોકો સુધી સેવા પહોંચાડવી અને કંઈક નવું કરવાનો પ્રયત્ન કરવો તે આશયથી આ સામાયિકનું નામ રોશની" રાખવામાં " આવ્યું છે.આ દ્વારા ઘણી દૂર સુધી ઉજાસ ફેલાવવાનો પ્રભાતનો નમ્ર પ્રયત્ન છે)*

### "પ્રભાતનો એક ચમકતો તારો" - ખુશ્બુ



ખુશ્બુની ઉંમર 3 વર્ષની છે. તે સંસ્થામાં દરરોજ પોતાની મમ્મી સાથે તો ક્યારેક પોતાના ભાઈ-બહેન સાથે આવે છે. ખુશ્બુ સેરેબલ પાલ્સી સાથે ઝઝૂમી રહી છે. તે ખૂબ શાંત અને શરમાળ છે. તેને પહેલા ગળાના નિયંત્રણમાં મુશ્કેલી, સારી રીતે પકડવાની અને સ્વતંત્ર રીતે બેસવાની અસમર્થતા હતી. તેની મમ્મી પણ બહુ શાંત હતી અને સેન્ટરમાં એક બાજુ બેસીને નિહાળતી હતી.

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાં આવ્યા બાદ હવે ખુશ્બુ મળતાવડા સ્વભાવની થઈ છે. તે ઓછી મદદ લઈને બેસતા શીખી છે. ખુશ્બૂની વસ્તુ પકડવાની ક્ષમતામાં વધારો થયો છે. તેના ગાળાના નિયંત્રણમાં સુધારો આવ્યો છે. તેણીને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાં આવવું ગમવા લાગ્યું છે. સંસ્થામાં તેને ફિઝિયોથેરાપી ડેનિશબેન દવારા કરાવવામાં આવે છે. જેનાથી તેનામાં ઘણો સુધારો આવેલ છે.

ખુશ્બૂની મમ્મી પણ હવે એક્ટીવીટીમાં ભાગ લેતી થઈ છે. સંસ્થામાં થતી મીટીંગ અને ચર્ચામાં પણ ભાગ લે છે. ખુશ્બૂના સુધારાનો આનંદ તેની મમ્મીના સ્મિત પર છલકાઈ છે. ખુશ્બુના ભાઈ-બહેન પણ થેરાપી અને કસરતમાં તેની સાથે ભાગ લે છે.

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન ડેનિશબેન જેવા કાર્ય-કર્તા અને ખુશ્બુ જેવા બાળકો પર ગૌરવ અનુભવે છે.

### લોકડાઉન દરમ્યાન કેટલીક વાતો!

"મન હોય તો માળવે જવાય"

વિચાર કરો કે,



લોકડાઉનનો સમય, જાહેર વાહનો બંધ, ખાનગી વાહન ઉપર પ્રતિબંધ, જ્યાં ચાર રસ્તા ઓળંગવા પણ મુશ્કેલ પરિસ્થિતી હોય ત્યાં અમારા બધાના જોરદાર આશ્ચર્ય વચ્ચે અમારા કલીગ શ્રી કીરણભાઈ એક રિક્ષામાં ઘણી બધી અનાજની કીટ [સ્લમ એરીયાના જરૂરીયાત મંદ બાળકો માટે] લઈને ધોળકાથી વટવા અને લાંભા વિસ્તારમાં પહોંચી ગયા અને લગભગ 50 બાળકોને કીટનું વિતરણ કર્યું. દરેક ચેકીંગ પોસ્ટ ઉપર સેવાના કાર્ય માટે હેલ્પ માંગીને તેમને આટલું જોરદાર કામ કર્યું. ખરેખર ગર્વ છે. પ્રભાત ટીમને શ્રી કીરણભાઈ ઉપર.

- લોકડાઉનના સમયમાં જ્યાં ઘરની બહાર નીકળવાનું પણ મુશ્કેલ છે. તેવા સંજોગોમાં શ્રી પ્રણવસર અને શ્રી સેજલબેન જબરદસ્ત રીસ્ક લઈને દાણીલીમડા સેન્ટર કે ખૂબ જ સંવેદનશીલ વિસ્તાર ગણાય છે. ત્યાં પહોંચી ગયા અને જરૂરીયાત મંદ બાળકોને ખૂબ ઓછા સમયમાં સેન્ટર ઉપર બોલાવીને કીટ ઉપલબ્ધ કરાવી અને ખૂબ જ ઉમદા કાર્ય કર્યું. ખરેખર આ કાર્ય માટે ટીમ તેમના માટે ગર્વની લાગણી અનુભવે છે.
- આપણા જરૂરીયાતમંદ બાળકોને અનાજની કે જમવાની વ્યવસ્થા મળે તે માટે જુદી-જુદી સેવા આપતી સંસ્થા સાથે વાતચીત શરુ કરી છે. જેમાં રોબીનફુડ, ચંદીનાથ ટ્રસ્ટ, અંધજન મંડળ, સ્વરાજ ફાઉન્ડેશન, ભાજપ ડોક્ટર સેલ-કર્ણાવતી મહાનગર વગેરેનો સંપર્ક સાંધી સઘન પ્રયત્નો હાથ ધર્યા છે અને કાર્યને અમલમાં મૂકવાની શરૂઆત કરી દીધી છે.
- પ્રભાત ટીમમાંથી વ્યક્તિગતરૂપે શ્રી મનીષભાઈ પણ બાળકોને કીટ આપવામાં સહભાગી થયા છે,અને યથાશક્તિ કીટ આપી છે. પ્રભાત ટીમ તેમના આ ઉમદા કાર્યને દિલથી બિરદાવે છે.
- આ લોકડાઉન દરમ્યાન કોમ્યુનીટીના ફીઝીયો ક્લાસમાં આવતો અદનાન જે બરાબર ઉભા રહેવા કે ચાલવા શક્તિમાન નહોતો કવિથાબેન તેને નિયમીત કસરત કરાવતા હતા અને લોકડાઉન દરમ્યાન કવીથાબેને બાળકની માતાને પોતાના સુપરવિઝન હેઠળ સ્વતંત્ર ચલાવવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તે મુજબ માતા બરાબર પાલન કરતા હતા અને થોડા દિવસ બાદ બધાના આશ્ચર્ય વચ્ચે અદનાનનો શેરીમાં દોડતો વિડીયો તેની માતાએ શેર કર્યો. કેટલી અદ્ભુત અનુભૂતિ! અદનાનની માતાને અને કવીથામેમને તેમની મહેનત માટે ખૂબ-ખૂબ અભિનંદન.



- કીરણભાઈએ ધોળકામાં દાતાઓની મદદથી જરૂરીયાતમંદ માટે 60 કિલો લોટનું કલેક્શન કર્યું. તેમની આ ઉમદા સેવાને પ્રભાત ટીમના વંદન.
- લોકડાઉન દરમ્યાન જયારે પેરેન્ટ્સને ફોન કરવામાં આવેલા અને કીટ અપાવવાની શરૂઆત પણ કરી દેવામાં આવેલી તે સમયે બધા જ પેરેન્ટ્સને ફોન કરીને વાતચીત કરેલ હતી. ત્રણેક દિવસ વીત્યા હશે ત્યાં તો પેરેન્ટ્સના સામેથી ફોન આવવા લાગ્યા. તમે મઝામાં છો ને તે માટે જ. ટીચરે કહ્યું, આપણે બે-ત્રણ દિવસ ઉપર તો વાત કરી. બધા જ મઝામાં છીએ. તો પેરેન્ટ્સ ગળગળા અવાજે કહેવા લાગ્યા "બેન અમારી પણ ફરજ તો બને જ છે ને તમારા હાલચાલ પૂછવાની. જયારે તમે ખબર પૂછો છો, બાળકમાં રસ લો છો, અનાજની કીટની વ્યવસ્થા પણ કરી આપો છો, ડોક્ટરની માહિતી પણ આપો છો. કોઈ અપના હી ઐસા કર સકતા હૈ. તો હમ ફોન કીયે બીના નહી રહ પાયે. આપ અપના ખ્યાલ રખનાં". કેટલી આત્મીયતા!
- એક રમૂજી વાત:- માર્ચ માસમાં પ્રભાત ટીમના યંગમેન શ્રી કેયૂરભાઈનો જન્મદિવસ હતો. રોશની મેગેઝીનમાં તેમની બર્થ-ડે નીમીતે ફોટો મુકવાનો હતો। આથી ફોન ઉપર સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો પણ ફોનના લાગ્યો. તો મેં મેસેજ મુક્યો, કેયૂરભાઈ તમારો સારો ફોટો મોકલજો રોશની માટે, આ મેસેજ વાંચીને ખૂબ જ હસુ આવ્યું અને નીચે બીજી નોંધ મુકી. જો જો ભાભીને ગેરસમજ ના થાય!
- બદલાતા સમય સાથે બદલાવ જરૂરી હોય છે. આજના આ કપરા સમયમાં આ બદલાવ દરેકે અપનાવેલ છે. જેમાં શિક્ષકનો, એજ્યુકેટરનો ફાળો કેટલો અગત્યનો છે. તે રીવરસાઇડ સ્કૂલનો એક સુંદર વિડીયો કેશવસરે ટીમ સાથે શેર કર્યો હતો. જેમાં આવા સંજોગોમાં ઘરનું વર્ક, ઓનલાઈન ઓફિસ વર્ક, બાળક સાથેનું વર્ક બધું જ મેનેજ કરીને દેશના ભાવિ બાળકોનું ઘડતર કરનાર શિક્ષક અને એજ્યુકેટરને સલામ કહ્યું છે. ખરેખર ખૂબ જ સુંદર આ વિડીયો હતો જેના કારણે શિક્ષક અને એજ્યુકેટરનો કાર્ય કરવાનો જુસ્સો અનેક ગણો વધી જાય. ખરેખર આ વિડીયો બનાવનારને સલામ.



- લોકડાઉનના કપરા સમયમાં જ્યાં બહાર નીકળવાનું કે જરૂરીયાતની વસ્તુ મેળવવાનું પણ ઘણું અઘરું હોય છે આવા સમયમાં પ્રભાત ટીમના શ્રી હાર્દિકભાઈના માતા બીમાર પડ્યા અને પગમાં ઈન્ફેક્સન થવાના કારણે હોસ્પીટલાઈઝ કરવા પડ્યા. આવા કપરા સંજોગોમાં ઘરની વ્યવસ્થા હોસ્પીટલનું કામ અને તેની સાથે વર્ક ફ્રોમ હોમ દ્વારા ઓફીસનુ કામ પણ શ્રી હાર્દિકભાઈએ પાર પાડ્યું અને અનેક મોરચે કાર્ય કરવાની તેમની ક્ષમતાનો પરિચય આપ્યો હતો. ખરેખર આપણા કલીગ શ્રી હાર્દિકભાઈ આપણી પ્રેરણા છે.



- લોકડાઉનમાં પ્રભાતના ટીમ મેમ્બર શ્રી કિરણભાઈએ તેમના મિત્રોની મદદથી રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે ઉકાળો બનાવીને કોમ્યુનિટીમાં બધી વ્યક્તિઓને પીવડાવ્યો હતો અને એક ઉમદા કાર્ય કર્યું હતું.
- હાલમાં અમદાવાદમાં કુદકેને ભુસકે કોરોનના કેસો વધી રહ્યા છે. ત્યારે હોટ-સ્પોટ એરિયામાં રહેતા જુના મિત્રો સાથે પણ વાતચીત થાય છે, અને જાણે કે એકબીજા પ્રત્યે નિકટતા વળી હોય તેવો અહેસાસ થાય છે.
- હોટ-સ્પોટ અને સ્લમ એરિયાના પેરેન્ટ્સ અને બાળકો પણ પ્રભાત માટે ખૂબ નિકટના સ્વજનો સમાન છે. પ્રભાત શિક્ષકો અને પેરેન્ટ્સ વોટ્સઅપ ગ્રુપ બનાવવામાં આવ્યા છે. તેમાં સતત જેન્યુઈન અવેરનેસ પોસ્ટ મુકવામાં આવે છે અને અવેરનેસનું કામ કરતા રહે છે.




- ખૂબ આનંદની વાત છે કે બધાની સજાગતા અને સદભાવનાને કારણે પ્રભાત સાથે સંકળાયેલ એક પણ બાળક કોરોનાની ઝપટમાં આવ્યું નથી.
- પ્રભાતના હસતા-રમતા નાનકડા ઈ.આ. ના બાળકોએ ટીચર ભાવનીશાબેનના સહયોગથી નાનકડા બોર્ડમાં એક-એક શબ્દનો મેસેજ પકડીને એક ખૂબ સરસ સંદેશ સમાજને આપ્યો છે.

**માસ્ક વિતરણ:-** કોરોના સામે રક્ષણ મેળવવા પ્રભાત ટીમે કોમ્યુનિટીમાં માસ્ક બનાવીને વિતરણ કરવાનું કાર્ય કર્યું હતું. આ માસ્ક બનાવવા માટે રિવર-સાઈડના શ્રી વિનીતામેમ, શ્રી ઉષાબેન શરાફ અને શ્રી પવનભાઈ શરાફ દ્વારા કાપડ આપવામાં આવ્યું હતું અને તેમાંથી શ્રી લક્ષ્મીબેને કટીંગ કરીને અસંખ્ય માસ્ક બનાવ્યા હતા અને કોમ્યુનિટીમાં ઘરે ઘરે જઈને વિતરણ કર્યું હતું. અને આસપાસના જાહેર માર્ગો પરના લોકો કે દુકાનદારોને પણ વિતરણ કર્યું હતું. જેમાં કોરોના વોરીયર પોલીસકર્મીઓનો પણ સમાવેશ થાય છે. તે એરીયાના પોલીસકર્મીઓએ સંસ્થાની અને શ્રી લક્ષ્મીબેનની ઉમદા કામગીરીને બિરદાવી હતી. પ્રભાત પણ આ સેવામાં ઉમદા સહયોગ આપનાર શ્રી વિનીતામેમ, શ્રી ઉશાબેન અને શ્રી પવનભાઈનો ખૂબ દિલથી આભાર માને છે.





**કીટ વિતરણ:-** લોકડાઉન દરમ્યાન પ્રભાત દ્વારા 50 અનાજની કીટ આપવામાં આવેલી ત્યારે શાહવાડીમાં હોમબેઝના 2 સ્ટુડન્ટ્સ કે જે હાલમાં હયાત નથી પરંતુ તેમની પરિસ્થિતી મુશ્કેલ છે. તે બે પેરેન્ટ્સને બોલાવીને કીટ આપી હતી. ત્યારે પેરેન્ટ્સે ગળગળા

થઈને કહ્યું હતું કે ખૂબ ખૂબ આભાર તમારો કે અમારા બાળકો તો આ દુનિયામાં નથી રહ્યા પરંતુ તેઓ તમારી યાદમાં છે. અને આજે પણ તેમને યાદ કરીને સહાય આપો છો. તે બે બાળકો છે: સ્વ વિશાલ મણીલાલ વાંસખોડા અને સ્વ વિષ્ણુ રામજીભાઈ ઠાકોર.

## લોકડાઉનમાં પ્રભાતની કાર્યશૈલી



લોકડાઉનમાં બાળકોને સતત પ્રવૃતિમય રાખવા પ્રભાત દ્વારા અવિરત રીતે કાર્ય કરવામાં આવી રહ્યું છે. ફક્ત બાળકો એટલે પ્રભાતના સ્ટુડન્ટ જ નહીં પરંતુ તેમના સિબલિંગ, સ્કૂલ પ્રોગ્રામના બાળકો સાથે પણ કાર્ય ચાલી રહ્યું છે.

સ્કૂલ પ્રોગ્રામના બાળકો અને સિબલિંગને કોરોના સબ્જેક્ટ ઉપર લખવાનું, ચિત્ર દ્વારા મેસેજ આપવાનું કે વિડીયો બનાવીને મેસેજ આપવાનું કાર્ય અવિરત રીતે ચાલ્યા કરે છે અને બાળકો પણ આમા ખૂબ જ ઉત્સાહભેર કાર્ય કરી રહ્યા છે.



પ્રભાતના સ્પે.નીડ બાળકોને શિક્ષક દ્વારા જુદી-જુદી એકટીવીટીનું લેસન આપીને રમત દ્વારા શિક્ષણ, એકટીવીટી દ્વારા શિક્ષણ વગેરે પેરેન્ટ્સને ઇન્વોલ્વ કરીને કરવામાં આવી રહ્યુ છે. તેમાં પણ સારો રીસ્પોન્સ જોવા મળી રહ્યો છે.

ચોક્કસ શરૂઆતના સમયમાં એકટીવીટી કરાવવાની, વિડીયો બનાવવાનો કે ફોટા પાડવાના શિક્ષકને મોકલવાના. વારંવાર શિક્ષક સાથે ચર્ચા કરવાની આ કાર્ય થોડું પેરેન્ટ્સને અઘરું લાગતું હતું.

પરંતુ હાલમાં આ વાતની આદત પડવા લાગી છે. પોતાના બાળકનો કાર્ય કરતો વિડીયો ઉતારવો અને જોવો એ તેમને ગમતી પ્રવૃત્તિ બનવા લાગી છે. અને પેરન્ટ્સનો ઉત્સાહમાં ઘણો વધારો થયો છે. બાળકને પણ વિડીયો જોવો, શિક્ષક દ્વારા રીવોર્ડ મેળવવો વગેરે ખૂબ ગમવા લાગ્યું છે. ટીચરનું વેરી ગુડ એ જાણે કે તેમનું સારામાં સારું રીઝલ્ટ ના હોય! ટીચર પણ આ રીવોર્ડ



ઓડિયો કે વિડીયો દ્વારા મોકલે છે. એટલે બાળક ટીચરના અવાજનો અને હાજરીનો અહેસાસ કરી શકે છે. અને તરત જ નવી એક્ટીવીટીનું વિવિધતા સભર લેસન મેળવે છે. અને લોકડાઉનના લાંબા સમયમાં બાળકો શું કરશે? અને કેવી રીતે સમય પસાર કરશે? એ સમસ્યા જ નથી રહી. આશ્ચર્યની વચ્ચે પેરેન્ટ્સના પણ મેસેજ આવે છે કે બીજો ટાસ્ક ક્યારે આપો છો?

- આ પહેલા તો મને વિડીયો બનાવાનું અને મોકલવાનું આવડતું જ નહોતું આ તમારા લેસનથી આવડી ગયું.
- એક પેરન્ટ્સે કહ્યું હતું આ એકટીવીટી કરવાની મઝા મારા બાળકને તો આવે જ છે પણ એના ભાઈ-બહેનોને પણ મઝા આવે છે. છાયાનો ભાઈ પૂછે છે મમ્મી છાયાની સ્કૂલમાંથી શું લેસન આવ્યું છે? ચાલ આપણે છાયાને કરાવી દઈએ! આમ આ સમય બાળક, પેરેન્ટ્સ, સિબલિંગ, શિક્ષક અને સંસ્થા માટે ખૂબ જ યાદગાર બની રહ્યો છે.

- સંસ્થામાં જુદા-જુદા વિભાગમાં થતા કાર્યની સમીક્ષા માટે જુદા-જુદા ગ્રુપ બનાવવામાં આવ્યા છે. અને વોટ્સઅપ અને ઝૂમ ડ્યૂઓ મીટીંગ દ્વારા સેન્ટર, સ્કૂલ પ્રોગ્રામ, થેરાપી, સીબીઆર, હોમબેઝ, ઓફિસવર્ક વગેરેની ગ્રુપ વાઇસ અલગ-અલગ મીટીંગ અને સમીક્ષા થાય છે અને આગળનો પ્લાન બને છે.
- દરેક શિક્ષક અઠવાડીયામાં થયેલ કાર્ય અને તેનું અચીવમેન્ટ કે રીમાર્ક ટીમમાં મુકે છે. આથી બધાને એકબીજાની પ્રવૃત્તિનો ખ્યાલ આવે છે.
- બધા ટીચર્સના સ્ટુડન્ટ્સના એકટીવીટીના વિડીયો ગ્રૂપમાં જોવા મળે છે. જેનાથી ઈન્ટરનલ લર્નિંગ પણ શક્ય બન્યું છે.
- પ્રભાત ટીમ પણ હાલમાં પહેલાના સંદર્ભમાં વધારે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને અપડેટ બની રહી છે.




## મુબારક હો

બાર બાર દિન યે આયે, બાર બાર દિલ યે ગાયે
તુમ જીયો હજારો સાલ, યે મેરી હે આરઝૂ,
હેપી બર્થ ડે ટૂ યુ, હેપી બર્થ ડે ટૂ યુ.
પ્રભાત ટીમ વતી જન્મદિનની ખૂબ-ખૂબ શુભેછા.

કિરણભાઈ 07-04-2020



રોબર્ટભાઈ 16-04-2020







## ચિર વિદાય

પ્રભાતના હોમબેઝ પ્રોગ્રામની સ્ટુડન્ટ કુ.મીનાક્ષી ઉત્તમભાઈ પાટીલનું તા. 25-04-2020ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.



'ઈશ્વર તેના આત્માને સદગતિ આપે તે જ અભ્યર્થના.'

દિલ કહી રહ્યું છે "મંગલ મંદિર ખોલો દયામય મંગલ મંદિર ખોલો."

કુ.મીનાક્ષી પાટીલ સાથે પ્રભાત 2015થી કાર્ય કરે છે. મીનાક્ષીને ખૂબ જ સીવીયર ખેંચની મુશ્કેલી હતી. તેના માતા-પિતા અને બહેન મીનાક્ષીની ખૂબ કાળજી લેતા હતા અને એકદમ નિયમીત રીતે દવા પણ ચાલુ રાખતા હતા. છતાં તેને ખેંચમાં વધારે ફરક નહતો પડતો. છેલ્લા ત્રણ મહિનાથી તેની તબિયત વધારે ખરાબ થઇ ગઈ હતી અને તેને સતત શ્વાસ લેવામાં મુશ્કેલી પડી રહી હતી, અને તે આ માંદગી સામેની લડત હારી ગઈ હતી.

## આત્મીયતા

જયારે વગર પૂછે વાતોમાં જ આપવીતી નીકળી જાય અને વગર બોલે આપવીતી કહેનારની મુશ્કેલીનો હલ થઇ જાય તેનું નામ આત્મીયતા.

પ્રભાતનો તેમના બાળક સાથેનો, તેના પરિવાર સાથેનો સંબંધ આવો જ છે. લોકડાઉન જેવા કપરા કાળમાં પણ બાળકો, તેમનો પરિવાર અને પ્રભાત ટીમ ટેક્નોલોજીના માધ્યમથી એકબીજાના સતત સંપર્કમાં છે. જ્યાં રોજ બાળકોની સાથે, પરિવારની સાથે પણ રોજબરોજ વાતચીત થાય છે. ખબર અંતર પુછાય છે, બાળકોને પ્રવૃત્તિમાં રાખવામાં આવે છે. અને આવા રોજબરોજના સંવાદમાં અને મુશ્કેલીના સમયમાં નિકટતા ખૂબ જ વધતી જોવા મળે છે.અને જ્યાં નિકટતા હોય, આત્મીયતા હોય ત્યાં લાગણીઓની આપ-લે પણ સરળતાથી થતી હોય છે. તે પછી તે વાતો ખુશીની હોય કે મુશ્કેલીની.



આવી જ વાતોમાંથી પ્રભાત ટીમ મેમ્બરને જાણવા મળ્યું કે આપણા સ્લમમાં રહેતા વાલી મિત્રો કેટલી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આપણને વિચાર આવે કે લોકડાઉનના સમયમાં સરકારે મફત અનાજ વિતરણની જાહેરાત કરી છે તો દરેકને મળતું જ હશે અને ઓછી જરૂરીયાત સાથે પણ નિર્વાહ તો થતો જ હશે.

પરંતુ કેટલાક પેરેન્ટ્સ પાસેથી જાણવા મળ્યું કે તેઓ ખૂબ મુસીબતનો સામનો કરી રહ્યા છે! લોકડાઉનનો સમય, ધંધા રોજગાર બંધ અને આમાં પણ તેમની પાસે આધારકાર્ડ કે રેશનીગ કાર્ડ જેવા બેઝીક ડોક્યુમેન્ટ પણ નહોતા. આથી સરકાર તરફથી પણ કોઈ સહાય મળતી નહોતી. આ વાત જાણીને ખૂબ જ દુઃખ થયું. સંસ્થામાં કેશવસર અને પ્રણવસર સાથે પણ મીટિંગ દરમ્યાન આ વાતની ચર્ચા થઈ.

આ વાત જાણતાની સાથે જ સંસ્થાએ આ પેરેન્ટ્સને ઝડપીમાં ઝડપી મદદરૂપ થવાનો નિર્ણય લીધો અને તે અંગે કાર્યવાહી શરુ કરી. સૌ પ્રથમ બધા ટીમ મેમ્બર્સે સાથે મળીને આવી જરૂરીયાતવાળા કેટલા પેરેન્ટ્સ છે તેનું લિસ્ટ બનાવ્યું. બધી માહિતી એકત્ર કરીને શ્રી

પ્રણવસરે અનેક જગ્યાએ કોન્ટેક કર્યા. જેમાં, ચાઈલ્ડ વેલ્ફેર કમીટીના ચેરમેન શ્રી ભાવેશભાઈ, સ્ટેટ પ્રોગ્રામ ઓફિસર શ્રી ઈંદ્રજિતકુમાર, ચાઈલ્ડ હેલ્પલાઈન કોર્ડીનેટર શ્રી બીજલબેન, ચાઈલ્ડ વેલ્ફેર કમીટીના ઓફિસર, સોશિયલ વર્કર શ્રી ઉદયભાઈ પટેલ આ બધાનો સંપર્ક કર્યો અને રજૂઆત કરી. દરેકે દરેક મેમ્બરે પોતાના લેવલે પૂરો સાથ-સહકાર આપ્યો અને તેમના સહયોગથી સંસ્થાના ડોક્યુમેન્ટરહિત પેરેન્ટ્સ પરિવાર માટે 50 અનાજની કીટ વ્યવસ્થા કરવામાં આવી. આટલું જ નહીં ભવિષ્યમાં જરૂર પડે તો વધારે મદદરૂપ થવાની તેમને ખાતરી આપી છે.

હાલમાં આ કીટ બાળકોના વિસ્તાર સુધી પહોંચી ગઈ છે જેનું વિતરણ શ્રી લક્ષ્મીબેનના ઘરેથી કરવામાં આવશે.


પ્રભાતના આ કાર્યમાં ઉમદા મદદ કરનાર આ તમામ સભ્યોની પ્રભાત ટીમ ખૂબ-ખૂબ આભારી છે.

## રજીસ્ટર્ડ ઓફિસ

1. પ્રભાત એજ્યુજકેસન ફાઉન્ડેશનના બાળકોની પોતાની સ્કૂલને લગતી યાદો તાજી કરવાના હેતુથી સંસ્થાના રાજભાઈએ એક વિડીયો બનાવીને શેર કર્યો હતો. સંસ્થાના સેન્ટરમાં કરાતી એકટીવીટીસ, નેચર કેમ્પ, આઉટડોર એકટીવીટીસ વગેરેના ફોટોસ લઈને બનાવામાં આવ્યો છે. આ વીડિયોને દરેક બાળકોને શેર કરવામાં આવ્યો હતો. બાળકો આ સમયમાં તે વિડીયો જોઈને પોતાની સ્કૂલ સમયની યાદોનો અનુભવ કરી શકે છે.
2. લોકડાઉનના સમયમાં કોમ્યુનિટીમાં અલગ-અલગ મુશ્કેલીઓ સર્જાઈ છે. જેમાં પ્રાથમિક મુશ્કેલી હતી અનાજની. આ મુશ્કેલીના ઉકેલરૂપે સંસ્થામાંથી એક ફંડ રેસીંગ પોસ્ટર બનાવવામાં આવ્યું હતું. તેમાં ફૂડ કીટ, પ્રાથમિક જરૂરિયાતોની યાદીની માહિતી મૂકવામાં આવી છે જેનાથી કોઈને પણ સહાય કરવા અંગે સરળતા રહે. સંસ્થાએ આ પોસ્ટરને પોતાના સોશિયલ મીડિયા પર મુકેલ છે. અને સંસ્થાને સારો સપોર્ટ પણ મળેલ છે.




3. સોશિયલ મીડિયા પર પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાં લોકડાઉન દરમ્યાન થતી દરેક પ્રકારની અપડેટ મૂકવામાં આવે છે. ખાસ કરીને તેમાં શિક્ષકો, બાળકો, પેરેન્ટ્સ, સપોર્ટર્સ વગેરે દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિને લગતા ફોટોસ, વિડીયો પોસ્ટ કરવામાં આવેલ છે.










4. કેશવસર દ્વારા આવા કપરા સમયમાં જ્યાં ઘરેથી બહાર નીકળવું મુશ્કેલ હોય તેવામાં સંસ્થાના ફાઈનાન્સ અને એકાઉન્ટના લગતા કામ પુરા કરવાં માટે રજીસ્ટર્ડ ઓફિસે જઈને કોમ્પ્યુટર લઈને શૈલેષભાઈને ત્યાં પહોંચાડવામાં આવ્યું હતા. આ કામગીરીમાં સંસ્થાના હિતેષભાઇ અને પ્રણવભાઈએ કેશવસરને સહકાર આપ્યો હતો.

5. કોરોનાના લોકડાઉન સમય દરમ્યાન પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનને જે પ્રાપ્ત કર્યું છે તેના પર એક દિવ્યાબેન દ્વારા વિવરણ તૈયાર કરવામાં આવેલ છે. જે અલગ-અલગ ડોનર અને સપોટર્સ સુધી પહોંચાડવામાં આવેલ છે. તેમના તરફથી સંસ્થાને ખૂબ પ્રોત્સાહન મળેલ છે.

## કેશવસર દ્વારા માસ્ટર ક્લાસ

તા. 22-04-2020ના રોજ કેશવસરે રીવરસાઇડ સ્કૂલના ધોરણ 7માં આવેલા બાળકોનો માસ્ટર વિડીયો ક્લાસ લીધો હતો. અને બાળકોએ આખા વર્ષ દરમ્યાન પોતાના પ્રભાતના બડી સાથે કરેલ કાર્ય અને તેમના અનુભવો અંગે ચર્ચા કરી હતી.



બાળકોએ આ અંગે પોતાના વર્ષ દરમ્યાનના અનુભવો વિશે વાત કરી હતી અને કામગીરીના અંતે તેઓ પ્રભાતના બાળકો પાસેથી ઘણું બધું શીખ્યા હતા અને શીખવ્યું પણ હતું. તે અંગેની ચર્ચાના જવાબમાં ઓછામાં ઓછી જરૂરીયાત સાથે કઈ રીતે જીવન જીવાય, મુશ્કેલીને જીવનનો એક ભાગ ગણીને સામાન્ય જિંદગી કેવી રીતે જીવાય, બાળકોની નિઃસ્વાર્થતા અને નિર્દોષતા સ્પર્શી ગયેલ અનુભવ વિશે રજૂઆત કરી હતી.

આ ચર્ચા કરવાનો મુખ્ય હેતુ એ હતો એ તેઓ વર્ષના અંતે પ્રભાતના બાળકો ઉપર વિડીયો કે સ્ટોરી બનાવવા માંગતા હતા અને તેમાં કયા ટોપીક આવવા જોઈએ તે ચર્ચા કરવામાં આવી હતી. અને આ બધા ટોપીકોનો સમાવેશ તેઓ તેમના વિડીયો કે સ્ટોરીમાં કરવાના છે.




આ ઉપરાંત પ્રભાત દ્વારા લેવાતા હોમ-ક્લાસ એક્ટીવીટીના વિડીયો જોઈને આવા વિડીયો શિક્ષકની મદદથી બનાવીને બડી સાથે ઈન્ટરેક્શન કરવાનું કાર્ય પણ તેઓ કરવાના છે.

આમ કેશવસર દ્વારા ખૂબ જ સારા હેતુની પૂરતી માટે સફળતાપૂર્વક આ ક્લાસ લેવામાં આવ્યો. લોકડાઉનના કારણે આ વિડીયો વર્ક ફ્રોમ હોમના ઉદ્દેશ્ય હેઠળ જ બનાવામાં આવ્યો હતો.

## પ્રભાત અને આધુનિકરણ

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાં Rockfellor foundation માંથી 2 વર્ષ પહેલા ફંડિંગ આવ્યું હતું તેની મદદથી સંસ્થામાં ટેક્નોલોજીમાં ઘણો વધારો થયો છે , જે આવા કપરા સમયમાં સંસ્થા માટે ઘણા ધોરણે ઉપયોગી બન્યું છે.

- સંસ્થા જ્યારે સોશિયલ નેટવર્ક અને આધુનિકરણમાં આગળ વધી રહી હોય ત્યારે સંસ્થાએ લોકડાઉનના સમયમાં ઓફિસ ટીમ મેમ્બરની એકસાથે Google Duo એપ્લિકેશન પર વિડીયો કોલ મીટીંગ કરેલ છે જેનાથી બધા મેમ્બર્સ ચર્ચામાં ઈન્વોલ્વ થઈ શકે અને પોતાના મંતવ્ય રજુ કરી શકે.



- પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સોશીયલ મીડીયામાં નવા-નવા માર્ગ કોમ્યુનીકેશન માટે અપનાવી રહી છે. જેમ કે, zoom meeting, Google duo, Facebook messenger, WhatsApp video call વગેરે. જે પ્રભાતના ટીમ મેમ્બર્સ, બાળકો, સપોર્ટર્સ, પેરેન્ટ્સ બધા માટે ઉપયોગી બની રહ્યું છે.
- સંસ્થામાંથી કેશવસરે એક સોફ્ટવેર કંપની "Blue jeans" છે તેમની સાથે વિડીયો કોન્ફરન્સને લગતી ચર્ચા કરી હતી. અને તે અંગેનું માર્ગદર્શન મેળવ્યું હતું.
- લોકડાઉન દરમ્યાન સમયનો સદ્ઉપયોગ કરવા આપણે કંઈક નવું શીખવાની ઈચ્છા ધરાવતા હોઈએ છીએ. આવા સમયમાં ટેક્નોલોજી ઘણી મહત્વની સાબિત થાય છે. અત્યારે ઘણા નવા-નવા અને મહત્વના ઓનલાઈન કોર્ષના મારફતે સમયનો સદ્ઉપયોગ થઈ શકે છે. અહીંયા નીચે ઇંગ્લિશ અને હિન્દીમાં અલગ-અલગ કોર્ષની લિંક શેર કરવામાં આવી છે.

https://online-learning.harvard.edu/catalog/free
https://www.coursera.org/courses?query=free
https://www.edx.org/
https://ready.csod.com/client/disasterready/default3.aspx?lang=en-US

## દિવ્ય-ભાસ્કરમાં પ્રભાત



પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશને પોતાના બાળકો માટે "પેટ થેરાપી"નો એક નવો માર્ગ અપનાવ્યો છે. "સુગર રસ આઉટ ડોર" અને "કી ટૂ હૅપ્પીનેસ" આ બે સંસ્થા અમદાવાદમાં પેટ થેરાપીનો કોન્સેપટ લાવી છે. પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશને આ બંને સંસ્થા સાથે મળીને પોતાના દિવ્યાંગ બાળકોના અભ્યાસના ભાગરૂપે પોતાના સેન્ટરમાં "પેટ થેરાપી" શરુ કરેલ છે. તા.11-04-2020ના દિવ્ય ભાસ્કર ન્યુઝ પેપરમાં પ્રભાત એજ્યુકેશનમાં કરાવેલ "પેટ થેરાપી" વિશેનો એક આર્ટિકલ આવ્યો હતો. જેમાં દિવ્યાંગ બાળકો માટે આ થેરાપી કઈ રીતે ઉપયોગી બને છે તે વિસ્તારપૂર્વક સમજાવવામાં આવ્યું છે.

## સૃષ્ટિનો પ્રભાત સાથેનો અનુભવ



N.I.D. સ્ટુડન્ટ સૃષ્ટિ છેલ્લા 6 મહિનાથી પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સાથે કામ કરી રહી છે. સૃષ્ટિબેન સંસ્થાના અલગ-અલગ સેન્ટરોમાં જઈને બાળકોને ક્લે-વર્ક કરાવી રહ્યા છે. સૃષ્ટિબેને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સાથેનો પોતાનો અનુભવ શેર કર્યો છે. "આવા બાળકો સાથે કામ કરવું કેટલું મુશ્કેલ હોઈ શકે છે તે વિશે મેં ઘણું સાંભળ્યું અને વાંચ્યું હતું, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આ બાળકો સાથે કામ કરતી વખતે મને કોઈ સમસ્યા નહોતી. ઉપરાંત તેઓ મારા માટે સહાયક બન્યા હતા."

## ડેનિશ અને રોબર્ટનો પ્રભાત સાથેનો અનુભવ

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સાથે ડેનીશ અને રોબર્ટ છેલ્લા 7 મહિનાથી જોડાયેલા છે. તેમાંથી ડેનીશ સંસ્થા સાથે ફિઝિયોથેરાપી અને રોબર્ટ પ્લે-થેરાપી અને મનોચિકિત્સકની કામગીરીમાં જોડાયેલ છે. તેઓએ પોતાના કામગીરી અંગે એક રિપોર્ટ બનાવેલ છે. રિપોર્ટમાં તેઓએ પોતાના અનુભવ, કામગીરી, બાળકો સાથેની પ્રવૃત્તિ અંગેની માહિતી દર્શાવી છે.



**ડેનિશ**એ રિપોર્ટમાં ખૂબ જ સરસ વાત કરેલ જે છે "અપાર મુશ્કેલીઓ વચ્ચે પોતાના બાળકને પ્રેમ કરે તે એક મજબૂત માતા-પિતાની નિશાની છે. મમ્મી પોતાના બાળકોની સંભાળ લેતા, આનંદ લેતા અને તે સંજોગોમાં અન્ય પેરેન્ટ્સ સાથે વાત કરવાની ક્ષમતા ધરાવતા જોવા મળે છે. મમ્મી પોતાના બાળક અને બાળકની ક્ષમતા માટે ખુશી અનુભવે છે."





**રોબર્ટ**એ પણ રિપોર્ટ મારફતે ખૂબ સરસ વાત શેર કરેલ છે. પહેલા મુલાકાત લીધેલી મારા એક મિત્રે મિત્રએ મને કહ્યું હતું, "આ અનુભવ બીજી માસ્ટર ડિગ્રી મેળવવા જેવો છે. અને હું એની સાથે સંમત છું. વ્યવસાયિકરૂપે પ્રભાત સાથેના મારા સમયે મને સર્જનાત્મકતા અને સમજણના નવા સ્તરો સામે પડકાર આપ્યો છે. જે મને વધુ સારા સામાજિક કાર્યકર અને મનોચિકિત્સક બનાવશે. વ્યવસાયિક વિકાસ ઉપરાંત વ્યક્તિગત વિકાસ એ મારા સમયનો અત્યાર સુધીનો મૂલ્યવાન લાભ છે. પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન અન્ય સંસ્થા માટે પ્રગતિશીલ ઉદાહરણ સાબિત થઈ શકે છે.


# ફોટો ગેલેરી

## સ્કૂલ પ્રોગ્રામ અને સિબલિંગ વર્ક












## સ્પેશિયલ નીડ બાળકોનું વર્ક















## ટીમની ક્રિએટીવીટી
















AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

**Prabhat Education Foundation**

A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar
Ahmedabad-380015
**Phone:** +91 - 79 - 4890-3054; Mobile: +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org